## શ્યામપુર (વડાગામ) નજીક કાર ઝાડ સાથે અથડાતા

# ધનસુરાના ૨ યુવાનોના ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૨૭
અરવલ્લી જીલ્લામાં રાજ્ય ધોરીમાર્ગની બીસ્માર હાલત, રોડ પર પડેલા ખાડાઓ અને ગાંડા બાવળો અને ઝાડી-ઝાંખરાના







સામ્રાજ્યના પગલે વાહનચાલકો અકસ્માતનો ભોગ બની નિર્દોષ લોકોને તંત્રના પાપે જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે. ધનસુરાના વડાગામ (શ્યામપુર) નજીક કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ બાજુમાં રહેલા ઝાડ સાથે કાર ધડાકાભેર અથડાતા કાર ચાલક યુવાન સહીત અન્ય યુવાનનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા બંને આશાસ્પદ યુવાનના પરિવારજનો અને ધનસુરા પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે બંને મૃતક યુવાનોની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અરવલ્લી જીલ્લાના ધનસુરા ગામના પટેલ સમાજના ૨ આશાસ્પદ યુવાનોના મંગળવારે રાત્રીના સુમારે અકસ્માતમાં ઘટનાસ્થળે મોત નિપજતા સમગ્ર પંથકમાં શોકાગ્નિની છવાઈ હતી. ધનસુરાના ગામના આકાશ વિપુલભાઈ પટેલ તેના મિત્ર હર્ષિલ ઉર્ફે છોટુ મુકેશભાઈ પટેલ કામકાજ અર્થે કાર (ગાડી.જીજે.૩૧એ-૮૮૮૦ ) લઈ બાયડ ગયા હતા. ત્યાંથી આકરૂન્દ તેમના સંબંધીને રૂપિયા આપી ધનસુરા પરત ફરતા શ્યામપુર (વડાગામ ) નજીક અગમ્ય કારણોસર કારચાલક આકાશ પટેલે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ બાજુમાં રહેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાતા કાર ચાલક આકાશ પટેલ અને ધનસુરા બીજેપી યુવા શ્યામપુર (વડાગામ) નજીક કાર ઝાડ સાથે અથડાતા ધનસુરાના ૨ આશાસ્પદ યુવાનોના ઘટનાસ્થળે મોત થયું હતું.

અરવલ્લી જીલ્લામાં રાજ્ય ધોરીમાર્ગની બીસ્માર હાલત, રોડ પર પડેલા ખાડાઓ અને ગાંડા બાવળો અને ઝાડી-ઝાંખરાના સામ્રાજ્યના પગલે વાહનચાલકો અકસ્માતનો ભોગ બની નિર્દોષ લોકોને તંત્રના પાપે જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે. ધનસુરાના વડાગામ (શ્યામપુર) નજીક કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ બાજુમાં રહેલા ઝાડ સાથે કાર ધડાકાભેર અથડાતા કાર ચાલક યુવાન સહીત અન્ય યુવાનનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા બંને આશાસ્પદ યુવાનના પરિવારજનો અને ધનસુરા પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે બંને મૃતક યુવાનોની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરની લડબીનો પ્રશ્ન જિલ્લા સંકલનની બેઠકમાં ચમક્યો

## પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલની નિષ્ક્રિયતા વચ્ચે વડગામ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ લડબીની મુલાકાત લીધી

પાલનપુર શહેરમાં લડબી નદીના દબાણનો મુદ્દો ગરમાયો છે. સાચા દબાણદારોને છાવરી લડબી નદીના પટમાં થયેલા દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જે બાદ બનાસકાંઠા જિલ્લા સંકલનની બેઠકમાં આ મુદ્દો ઉછાળી ઉગ્ર રજૂઆતો કરતાં ભારે



ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. તેમના પ્રશ્નોના પ્રત્યુત્તરમાં જિલ્લા કલેકટર સંદિપ સાગલેએ લડબીના દબાણો દૂર કરવા માટે જુના નકશાઓ ધ્યાને લઈ જગ્યાઓ આઈડેન્ટીફાઈ કરવામાં આવી છે. તમામ દબાણો દુર કરવાની કાર્યવાહી ચાલી રહી છે. તેમજ તે અનુસાર તમામ દબાણો દુર કરાશે તેમ જણાવ્યું હતુ.

પાલનપુરમાં ચોમાસા પહેલા નાના દબાણકર્તાઓ સામે કાર્યવાહી કરવામાં આવતી હોવાના વ્યાપક આક્ષેપો વચ્ચે ગતરોજ વડગામ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જિલ્લા સંકલનની બેઠકમાં આ મુદ્દો ઉછાળ્યો હતો. તેમજ લડબી નદીની રૂબરૂમાં મુલાકાત પણ લીધી હતી.

જે માટે દબાણો ઉપર માર્કિંગ પણ કરવામાં આવ્યા છે. જોકે, મોટા દબાણકારોને છાવરવામાં આવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલના ભેદી મૌન વચ્ચે વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ લડબી નદી વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ જાત નિરીક્ષણ કર્યું હતું.

# પ્રાંતિજના મજરા ચોકડી પાસેથી કતલખાને લઈ જવાતું પશુ ભરેલ આઈસર પોલીસે પકડી

પ્રાંતિજ, તા. ૨૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા નેશનલ હાઈવે આઠ ઉપર આઈસરમાં ભરીને કતલખાને લઈ જવાતા ૨૪ પશુઓને પ્રાંતિજ પોલીસે બચાવી લીધાં તો પોલીસે બે ની અટકાયત કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ મજરા ચોકડી પાસે તા.૨૬-૬-૨૦૧૮ના રાત્રીનાં સમયે પ્રાંતિજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.બી.ગજ્જર સહિત પોલીસ કર્મચારીઓ પોલીસ પેટ્રોલિંગમાં હતાં તે સમયે અમદાવાદ તરફ જતી આઈસર જી.જે.૦૧ બી.ટી ૮૯૬૧માં બિન અધિકુત ઠસોઠસ રીતે વગરપાસ પરમીટ વગર ૩ ભેંસો જેની કિંમત- ૧,૩૫૦૦૦ તથા ૭ નંગ પાડી જેની કિંમત ૧૦૫,૦૦૦ તથા ૧૪ નંગ પાડા જેની કિંમત- ૨,૧૦,૦૦૦ તથા આઈસરની કિમત-૩,૫૦,૦૦૦ મળી કુલ- ૮,૦૦,૦૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. તો આરોપી આઈસર ચાલક ઈમ્તીયાઝ અઝીજભાઈ મેમણ રહે. દાણી લીમડા સંતોષનગર ઓડાના મકાન , બ્લોક નં- ૩૦ ઘર નં- ૯૫૯ અમદાવાદ તથા આઈસરમાં સવાર ઈમરાનખાન મહમંદખાન પઠાણ રહે. દાણી લીમડા સંતોષનગર ઓડાના મકાન,બ્લોક નં- ૨૭ ઘર નં-૮૫૬ અમદાવાદ બન્નેની અટકાયત કરી હતી. પ્રાંતિજ પોલીસે પશુઓને પાજળા પોળમાં મોકલી આપ્યાં હતાં અને ફરીયાદી પોલીસ કોન્સ્ટેબલ જનકકુમાર શામળભાઈની ફરીયાદને લઈને આઈપીસી કલમ ૨૭૯,૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫, ૮ તથા પશુ ક્રૂરતા અધિનિયમ-૧૧ડી, ઈ તથા એમ.વી.એકટ કલમ- ૧૭૭, ૧૮૪, ૧૩૪-બી ૧૯૨ મુજબ બે વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.



મોડાસાના ભાવસાર સમાજના ઓધારી માતાજીના મંદિર વડસાવિત્રીના વ્રતના પૂંજા-વિધિ માટે મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી પડેલી. જેઓને અતુલભાઈ શાસ્ત્રી વિનોદભાઈ નડિયાદવાળાએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજાવિધિ કરાવેલ હતી. મંદિરના પૂજારી દયાશંકરભાઈએ સુંદર આયોજન કરેલ. સમગ્ર મંદિરમાં ધાર્મિક અલૌકિક વાતાવરણ બની રહ્યું હતું.

# બ્રહ્મ સમાજના ઈષ્ટદેવ સામે અભદ્ર ટિપ્પણીથી રોષ

## પાલનપુરના બ્રહ્મ સમાજના યુવકે ધાનેરાના દલિત શખ્સ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

બ્રહ્મ સમાજના ઈષ્ટદેવ શ્રી પરશુરામ ભગવાનના ફોટા સાથે સોશિયલ મીડિયામાં બ્રહ્મ સમાજ વિરુદ્ધ પોસ્ટ મુકાતા ચકચાર મચી



જવા પામી છે. આ અંગે પાલનપુરના બ્રહ્મ સમાજના યુવકોએ પોસ્ટ મુકનાર ધાનેરાના દલિત શખ્સ વિરુદ્ધ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે રજુઆત કરી ફરિયાદ નોંધાવી છે.

સોશિયલ મીડિયા ઉપર આજકાલ સમાજ વિરોધી પોસ્ટ મૂકી વર્ગ વિગ્રહ ઉભો કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં ધાનેરાના દલિત શખ્સે બ્રહ્મ સમાજના ઈષ્ટદેવ શ્રી પરશુરામ ભગવાનના ફોટા સાથે સોશિયલ મીડિયામાં બ્રહ્મ સમાજ વિરુદ્ધ બ્રાહ્મણ ભગાઓ દેશ બચાવો પોસ્ટ મુકતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે પાલનપુરના બ્રહ્મ સમાજના યુવકો ગુજરાત ભગવા સ્વયં સેવક સંઘના અધ્યક્ષ અને પાલિકાના પૂર્વ સદસ્ય અશોકભાઈ પુરોહિત, મનોજભાઈ ઉપાધ્યાય, સાગરભાઈ જાની, દિવાકરભાઈ જોષી, કેવલભાઈ જોષી, પ્રતિકભાઈ પંડ્યા, કલ્પેશભાઈ જોષી, મિતુલભાઈ જોષીએ પોસ્ટ મુકનાર ધાનેરાના દલિત સમાજના નટવર પારંગી વિરુદ્ધ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે રજુઆત કરી હતી. જેમાં તેની તાત્કાલિક ધરપકડ કરવા જણાવ્યું હતું. આ અંગે અશોકભાઈ પુરોહિતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગૂનો નોંધી બ્રહ્મ સમાજ વિરુદ્ધ પોસ્ટ મૂકી શ્રી પરશુરામ ભગવાનનું અપમાન કરી બ્રહ્મ સમાજની ધાર્મિક લાગણી દુભાવનારા દલિત સમાજના શખ્સને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# મોડાસા લાયન્સ કલબના હોદ્દેદારોનો શપથવિધી સમારોહ

મોડાસા, તા. ૨૭
સમગ્ર વિશ્વ અને ભારત દેશમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી અને




જરૂરીયાતમંદ બાળકો તેમજ લોકોના દુ:ખમાં સહભાગી થવા તેમજ કુદરતી આફતમાં સતત સેવા માટે અગ્રેસર રહેતી લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલની ડિસ્ટ્રીક ૩૨૩૨-બી-૧ની મહત્વની ક્લબ મોડાસા મેઘરજ ટ્રાયબલ વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રમુખ-અન્ય હોદ્દેદારોની ૫૪મો શપથવિધિ સમારોહ મોડાસા ખાતે યોજાયો.

મોડાસા શહેરમાં ૫૩ વર્ષથી અવિરત સેવાપ્રવૃત્તિ માટે જાણીતી લાયન્સ ક્લબ ઓફ મોડાસાનો શપથવિધિ સમારોહ મોડાસાના પ્રથમ નાગરિક મેયર સુભાષભાઈ શાહના અધ્યક્ષ સ્થાને લાયન્સ સેવા મંદિર, લાયન્સ હોલ મોડાસા ખાતે યોજાયો. વર્ષ ૨૦૧૮-૧૯ના ડિસ્ટ્રીકટ (ઈલે.) ગર્વનર સૌરભભાઈ બ્રહ્મભટ્ટના 'ઊી જીટ્રિ'ના સૂત્ર હેઠળ લાયન્સ ક્લબના હોદ્દેદારોએ શપથ લીધા હતા.

શપથવિધિકર્તા પાસ્ટ ડિસ્ટ્રીકટ ગર્વનર લાયન્સ ડૉ. યોગેશ દવે દ્વારા નવી ટીમો લાયન્સ ક્લબ ઓફ મોડાસા પ્રમુખ પરેશ શાહ, મંત્રી જીગ્નેશ પટેલ, ટ્રેઝરર નવીન પટેલ, લાયન્સ ક્લબ ઓફ મોડાસા શક્તિના પ્રમુખ સૂર્યાબેન પુવાર, મંત્રી હર્ષાબેન ભાવસાર, ટ્રેઝરર સુર્યાબેન પટેલ, લીઓ ક્લબ ઓફ મોડાસા અરવલ્લીના યુવા પ્રમુખ હાર્દિક પંડ્યા, મંત્રી બંધન ભરવાડ, ટ્રેઝરર હાર્દિક ચૌધરી તેમજ લાયન્સ ક્લબ ઓફ મેઘરજ ટ્રાયબલના પ્રમુખ કનુભાઈ મનાત, મંત્રી કનુભાઈ તરાર, ટ્રેઝરર બાબુભાઈ રોજાસરા તેમજ ચારેય ક્લબના અન્ય હોદ્દેદારોએ શપથ લીધા હતા.

# નાયબ કલેક્ટર સામે અપ્રમાણસર મિલ્કતના ગૂનામાં જામીન અરજી ફગાવતી કોર્ટ

બનાસકાંઠા નાયબ ચૂંટણી અધિકારી અને ડીસાના ઈન્ચાર્જ એસ. ડી. એમ. પાલનપુર સર્કિટ હાઉસ ખાતે રૂપિયા દોઢ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. બનાસકાંઠા એસીબીની ટ્રેપ દરમિયાન તેમની પાસેથી રૂપિયા ૯૦,૦૦૦ રોકડા મળી આવ્યા હતા. જેની તપાસમાં આ નાણાં ક્યાંથી લવાયા હતા. તેનો સંતોષકારક જવાબ ન આપી શકતા એસીબીની ટીમે તેમની સામે અપ્રમાણસર મિલ્કતનો ગૂનો નોધ્યો હતો. આ ગૂનામાં સેસન્સ કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

બનાસકાંઠા એસીબી પીઆઈ કે. જે. પટેલે તાજેતરમાં પાલનપુર સર્કિટ હાઉસ ખાતે છટકું ગોઠવી બનાસકાંઠા નાયબ ચૂંટણી અધિકારી અને ડીસા ઈન્ચાર્જ એસ. ડી. એમ. વિકેશકુમાર કિરીટકુમાર ઉપાધ્યાય અને રમેશભાઈ અબાભાઈ પટેલને રૂપિયા દોઢ લાખની લાંચ લેતાં ઝડપી લીધા હતા. આ ટ્રેપની ગંભીરતાને લઈ રાજ્ય સરકાર દ્વારા સ્પેશયલ પબ્લીક પ્રોસીકયુટર તરીકે બી. એ. તુવરની નિમણૂંક કરવામાં આવી હતી. દરમિયાન વી. કે. ઉપાધ્યાયની જામીન અરજી પણ કોર્ટે ફગાવી લીધી હતી. આ ગૂનાની તપાસમાં વિકેશ ઉપાધ્યાય પાસેથી રૂપિયા ૯૦,૦૦૦ મળી આવ્યા હતા. આ રકમ અંગે તેઓ કોઈ ખુલાશો કરી શકયા ન હતા. આથી આ નાણાં તેમણે ભ્રષ્ટ રીતરસમ અપનાવી મેળવેલા હોવાનું જણાઈ આવતા પાલનપુર એસીબી પોલીસ મથકે વી. કે. ઉપાધ્યાય સામે અપ્રમાણસર મિલ્કતનો ગૂનો નોંધી જેની તપાસ એસીબી ભૂજ બોર્ડર એકમના ઈ.ચા. મદદનીશ કે. એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ કચ્છ પીઆઈ પી. વી. પરગડુ ચલાવી રહ્યા હતા. આ અંગે બનાસકાંઠા એસીબી પીઆઈ કે. જે. પટેલે જણાવ્યું હતુ કે, અપ્રમાણસર મિલ્કતના ગૂનામાં વી. કે ઉપાધ્યાયની ધરપકડ કરવામાં આવી હતી. દરમિયાન મંગળવારે સેસન્સ કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી છે.

# અરવલ્લી જીલ્લામાં પરશુરામ યાત્રાનું ઠેર-ઠેર ભવ્ય સ્વાગત

મોડાસા, તા. ૨૭
બ્રહ્મપરશુરામ અખાડા દ્વારા આયોજીત રાજસ્થાનના જૂજનુંથી ૫ માર્ચ ૨૦૧૭ના રોજ બ્રહ્મએક્તાના સંદેશા સાથે પ્રસ્થાન થયેલ યાત્રાનું અરવલ્લી જીલ્લામાં પરશુરામ યાત્રા પ્રવેશતા ઠેર ઠેર ભૂદેવો દ્વારા વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર યાત્રાના મુખ્ય આચાર્ય રાજેશ્વરજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે આચાર્ય રાજેશ્વર મહારાજે જણાવ્યું હતું કે પરશુરામ યાત્રા ૧ લાખ ૧૧ હજાર કિલોમીટર અંતર કાપી સમગ્ર દેશમાં ૬૮૭



ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોડાસા શહેરમાં પરશુરામ યાત્રાનું ૧૦૧ દીવડાની આરતી ઉતારી ભગવાન પરશુરામ યાત્રાનું વાજતે-ગાજતે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મોડાસાના બ્રહ્મસમાજના અગ્રણી નિલેશ જોશી, ભરતભાઈ જોશી, ઉપેન્દ્રભાઈ જોશી, હાર્દિક પંડ્યા, નિશાંત ત્રિવેદી સહીત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

માલપુર ખાતે પહોંચતા માલપુર યુવા બ્રહ્મસમાંજ દ્વારા જિલ્લા અને ૪૦૦૦ તાલુકાઓમાં ફરશે અને બ્રહ્મસમાંજને સંગઠીત બનાવવાનો સંદેશો આપશે. યાત્રાના સ્વાગત પ્રસંગે બ્રહ્મસમાજ માલપુરથી અમરીશ પંડયા, રાજુભાઈ ગોર, જગદીશભાઈ, શભુભાઈ પંડયા, યુવા અધ્યક્ષ હર્ષ પંડયા, વિશાલ ગોર તેમજ કલ્પેશભાઈ ભટ્ટ, વિપુલ ત્રિવેદી મહિલા અગ્રણી નીતાબેન પંડયા તેમજ અન્ય બ્રહ્મસમાંજના કાર્યકરોએ પરશુરામ યાત્રાને આવકાર આપ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## રોગચાળો વકર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્યતંત્રની ટીમે આજે ત્યાંથી પાણીના નમૂના મેળવી અને તેની બેક્ટોરોયોલોજી ટેસ્ટ માટે મોકલી આપેલ છે.

પંચાયત પ્રમુખશ્રીની આગેવાનીમાં પહોંચેલી પદાધિકારીઓની ટીમ જયારે ગ્રામજનોની મુલાકાત કરી ત્યારે ત્યાં પ્રદૂષિત પાણી વધુ જવાબદાર હોવાનુ તેમજ આરોગ્ય તંત્ર દ્વારા પગલાં લેવામાં દાખવેલી ઉદાસીનતા સામે રોષ વ્યક્ત કર્યો હતો.

આરોગ્યની ટીમ દ્વારા ગામમાં સર્વેલન્સ તેમજ ક્લોરીકેશન માટેની ટીકડીઓનું વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. આરસોડિયામાં કમળાના રોગચાળાનું મુખ્ય કારણ દુષિત પાણી જ હોવાનું આરોગ્ય તંત્રનું પ્રાથમિક અનુમાન છે. પરિસ્થિતિ ઝડપથી થાળએ પડી જશે તેવો વિશ્વાસ હાલ તો આરોગ્યતંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

## બ્લાસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નક્સલીઓ હોવાની બાતમી પર પોલીસ અને સુરક્ષા દળોએ કાર્યવાહી શરૂ કરી હતી. સુરક્ષા દળોનો સામનો થતાં ફાયરિંગની શરૂઆત કરી દીધી અને રસ્તામાં છુપાવેલ સુરંગને વિસ્ફોટ કરી દીધી, જેમાં ઝારખંડ જગુઆરના છ જવાન શહીદ થઈ ગયા જ્યારે અન્ય ઘાયલ થઈ ગયા. તેમને જણાવ્યું કે, મોડી રાત સુધી નક્સલીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થતી રહી હતી.

શુક્લાએ જણાવ્યું કે, જવાનોને જંગલમાંથી નિકાળવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઝારખંડ જગુઆર રાજય પોલીસની વિશેષ ટીમને નક્સલીઓને સામે લડવા માટે તૈયાર કરવામાં આવી છે.

૮ વર્ષ બાદ ફરી એક વાર નક્સલીઓએ આ ઘટનાને અંજામ આપ્યો છે. આ પહેલા વર્ષ ૨૦૧૦માં નક્સલીઓએ આ જ વિસ્તારમાં લેંડ માઈન્સ ફીચ કરીને બ્લાસ્ટ કર્યા હતા જેમાં ૧૩ જવાન શહીદ થયા હતા. તે સમયે નક્સલીઓએ ૧૦૦ લોકોને બંધક બનાવ્યા હતા. પોલીસ સુત્રોના આધારે બૂઢા પર્વતમાં કેટલાક ઈનામી નક્સલીઓ છુપાયેલા છે.

## પ્રથમ જથ્થો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધણી કરાવી ચુક્યા છે. અમનારથ યાત્રા ૨૬મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. પહેલગામ અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ તરીકે છે. ત્યાંથી અમરનાથની પવિત્ર યાત્રા ચાલતા શરૂ થાય છે. આ ઉપરાંત બાલતાલથી પણ બીજો રસ્તો અમરનાથ ગુફા માટે હોય છે. ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અમરનાથ યાત્રીઓની સંખ્યામાં પહેલાની સરખામણીમાં વધારો થાય તે માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ગંભીરરીતે ધ્યાન આપી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ યાત્રાને લઈને સરકારની ગંભીરતાનો અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે આ વખતે સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામન પોતે ખીણ પહોંચીને સુરક્ષા પાસાઓની ચકાસણી કરી ચુક્યા છે. આ વખતે અમરનાથ યાત્રા દરમિયાન અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામન, સેનાના વડા બિપીન રાવત સહિતના તમામ લોકો યાત્રીઓની સુરક્ષાને લઈને ખુબ જ ગંભીર દેખાઈ રહ્યા છે. અમરનાથ યાત્રા દરમિયાન કોઈપણ બનાવ ન બને તે માટે પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. આ વખતે યાત્રાના રુટ ઉપર અર્ધલશ્કરી દળોની ૨૦૧ ૩થી વધુ વધારાની કંપનીઓ તૈનાત કરવામાં આવનાર છે. યાત્રાની શરૂઆત પહેલા જ સુરક્ષા પાસાઓ ઉપર જાણકારી મેળવવા નિર્મલા સીતારામન પહોંચ્યા હતા. તેઓએ શ્રીનગરમાં ચીનાર કોર્પ સાથે બેઠક યોજી હતી.

ત્યારબાદ તેઓ અમરનાથ યાત્રા બેઝકેમ્પ સોનમર્ગ ખાતે પહોંચ્યા હતા. યાત્રાના રુટ પર હવાઈ નિરીક્ષણ કર્યું હતું. દક્ષિણ કાશ્મીરમાં પહેલગામ પણ યાત્રાના બેઝકેમ્પ તરીકે છે. ગયા સપ્તાહમાં પીડીપી સરકારને ભાજપે ટેકો પાછો ખેંચી લીધા બાદ નિર્મલા સીતારામનની ખીણની આ પ્રથમ મુલાકાત હતી. ચીનાર ખાતે યોજાયેલી બેઠકમાં નોર્થન આર્મી કમાન્ડર લેફટી જનરલ રણબીરસિંહ, ચીનાર કોર્પ કમાન્ડર લેફટી જનરલ એકે ભટ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ સુરક્ષા પાસાઓની ચકાસણી કરવામાં આવી હતી. અમરનાથ યાત્રા જવા ઈચ્છુક લોકો દેશના જુદા જુદા હિસ્સામાંથી સરળતાથી પહોંચી શકે છે. વિમાની માર્ગે, ટ્રેન મારફતે પણ પહોંચી શકાય છે.